ISP-80

Madras Nu Pravachan

મદ્રાસનું પ્રવચન

મૌલાના સૈયદ અબુલઆ'લા મૌદૂદી

• અનુવાદ •
ઝહીરુદ્દીન શેખ

અનુક્રમણિકા

પ્રસ્તાવના

એપ્રિલ ૧૯૪૭માં ભારતના પ્રસિદ્ધ આલીમ મૌલાના સૈયદ અબુલ આ'લા મૌદૂદી (રહ.) દ્વારા મદ્રાસમાં અપાયેલ ઐતિહાસિક પ્રવચનનો ગુજરાતી અનુવાદ પ્રસ્તુત કરતાં આનંદ અનુભવીએ છીએ.

આજની સાંપ્રત પરિસ્થિતિમાં જ્યારે આ પ્રવચનને વાંચીએ છીએ ત્યારે એવું અનુભવાય છે કે આ પ્રવચન આજે જ અપાઈ રહ્યું હોય. ૭૨ વર્ષ પહેલાં કહેવામાં આવેલી વાતો આજે કેટલી સત્ય પુરવાર થઈ રહી છે અને આ સંજોગોમાં આપણું કર્તવ્ય અને કાર્યપદ્ધતિ શું હોઈ શકે તેનો સ્પષ્ટ નિર્દેશ પણ મળી રહે છે.

આજની જરૂરતને અનુરૂપ આ પુસ્તક ખૂબ જ મહત્ત્વપૂર્ણ જણાતા ઇસ્લામી સાહિત્ય પ્રકાશન દ્વારા તે પ્રસિદ્ધ કરી રહ્યા છીએ. આશા છે તે આ પુસ્તક વર્તમાન સંજોગોમાં આપણાં સૌ માટે માર્ગદર્શક પુરવાર થશે.

પ્રમુખ
ઇસ્લામી સાહિત્ય પ્રકાશન

મદ્રાસનું પ્રવચન

અત્યારે આપણે ભારતના ઇતિહાસના એક અત્યંત નાજુક અને નિર્ણાયક તબક્કામાંથી પસાર થઈ રહ્યાં છીએ અને આ તબક્કો જે રીતે ભારતના નાગરિકોના ભાગ્ય માટે નિર્ણાયક છે એવી જ રીતે આપણા આ આંદોલન માટે પણ નિર્ણાયક છે. એટલા માટે એ જરૂરી બન્યું છે કે આ ઘડીએ આપણે સભાનતાપૂર્વક આપણા એ લક્ષ્યને કે જે આપણે સિદ્ધ કરવા માગીએ છીએ, અને એ પરિસ્થિતિ કે જેમાં આપણે કામ કરવાનું છે, તથા એ દિશા કે જેની તરફ આ પરિસ્થિતિ લઈ જઈ રહી છે અને જેમાંથી આપણે આપણો માર્ગ કાઢવાનો રહેશે, તેને બરાબર સમજી લઈએ. અને આપણો દરેક કાર્યકર સંપૂર્ણ સમજદારીપૂર્વક એટલું જાણી લે કે આજના તેમજ ભવિષ્યના સંજોગોમાં તેણે કઈ કાર્યપદ્ધતિ ઉપર અમલ કરવાનો છે.

ઇસ્લામી આંદોલન

આપણા આ આંદોલનનું લક્ષ્ય તમે સૌ જાણો છો તેમ સાફ અને સ્પષ્ટ શબ્દોમાં આ પ્રમાણે છે કે આપણે એ સાચી જીવનપદ્ધતિ કે જેનું નામ ઇસ્લામ છે, તેને વ્યક્તિગત તેમજ સામાજિક રીતે વ્યવહારમાં અમલમાં મૂકીએ, આપણી વાણી અને વર્તન વડે તેને બરાબર વ્યક્ત કરીએ, દુનિયાને એવી ખાત્રી કરાવવાની કોશિશ કરીએ કે આ જીવન પદ્ધતિમાં તેના માટે સફળતા અને ખુશનસીબી છે, અને આજની જુઠ્ઠી જીવન વ્યવસ્થાઓની જગ્યાએ એવી જીવનવ્યવસ્થા લાગૂ કરવા માટે સંઘર્ષ કરીએ જે બરાબર એ જીવન પદ્ધતિ ઉપર આધારિત હોય. આ હેતુ માટે જો કે આપણે કાર્ય તો સમગ્ર જગત તેમજ સમગ્ર માનવજાતમાં કરવાનું

છે, પરંતુ સ્વાભાવિક દૃષ્ટિએ આપણી કામગીરી માટેનું સ્થળ એ જ ભૂમિ છે જ્યાં આપણે જન્મ્યાં છીએ, જ્યાંની ભાષા આપણી ભાષા છે, જ્યાંના રીત-રિવાજોથી આપણે પરિચિત છીએ, જ્યાંના લોકમાનસથી આપણે વાકેફ છીએ, અને જ્યાંના સમાજ સાથે આપણો જન્મજાત સંબંધ છે. પયગમ્બરના ખુદના માટે પણ અલ્લાહતઆલાએ એમના પોતાનાં વતનને કાર્યક્ષેત્ર તેમજ દા'વતી કાર્યનું સ્થળ ઠરાવ્યું હતું, જો કે એમનો સંદેશ સમગ્ર વિશ્વ માટે હતો. કોઈ પણ પયગમ્બર માટે તેના કુદરતી કાર્યક્ષેત્રને છોડીને અન્ય સ્થળે જતા રહેવાનું ત્યાં સુધી યોગ્ય ન હતું જ્યાં સુધી તેના દેશવાસીઓ તેને કાઢી ન મૂકે અથવા તે જાતે દા'વત અને તબ્લીગ માટે અંતિમ પ્રયત્નો કર્યા પછી પણ એમના તરફથી નિરાશ થઈ જાય. એટલા માટે આપણી આ જમાઅતનું કુદરતી કાર્યક્ષેત્ર પણ આ જ ભૂમિ છે જેને અલ્લાહતઆલાએ આપણા જીવન નિર્વાહ માટે પસંદ કરી છે.

સમગ્ર જમાઅતનું કાર્યક્ષેત્ર આખો દેશ, દરેક રાજ્યના સભ્યોનું કાર્યક્ષેત્ર એમનું પોતાનું રાજ્ય તથા દરેક નગર, અને ગામના સભ્યનું કાર્યક્ષેત્ર એમનું પોતાનું ગામ છે.

આપણા પૈકીના દરેક જણનું કર્તવ્ય છે કે પૂરા ધૈર્ય સાથે તેની જગ્યાએ મક્કમતાપૂર્વક સુધારણા તરફ બોલાવવાના કાર્યમાં તેમજ ક્રાંતિ લાવવાના પ્રયત્નોમાં બરાબર લાગેલો રહે અને પોતાની જગ્યાએથી ક્યારેય ડગે નહીં જ્યાં સુધી તેનું ત્યાં રહેવું એકદમ અશક્ય ન બની જાય. અથવા તો ત્યાં દા'વતે હક્કના ફળદાયી થવાની કોઈ આશઆ જ ન રહે. આવનારી પરિસ્થિતિમાં આપણે હિજરત બાબતમાં ઘણી બુમરાણો સાંભળીશું અને એ અશક્ય નથી કે સામાન્ય પ્રવાહને જોઈને, અથવા કાલ્પનિક ભયોથી દહેશત પામીને તમારામાંથી ઘણાના કદમ ડગવા માંડે, પણ તમે જે આંદોલનને સ્વીકાર્યું છે તેનો એવો તકાદો છે કે તમારામાંથી જે માણસ જે જગ્યાએ છે ત્યાં જ અડગ રહે અને પોંતાની દા'વતને પોતાના જ વિસ્તારમાં પ્રભુત્વ અપાવવાનો પ્રયત્ન કરે. તમારી હાલત વહાણના એ બહાદુર કપ્તાન જેવી હોવી જોઈએ જે છેવટ સુધી પોતાના વહાણને બચાવવાનો પ્રયાસ કર્યે જાય છે અને ડૂબતા વહાણને ત્યજી દેનારાઓમાં સૌથી છેલ્લો માણસ એ જ હોય છે. તમે જે લક્ષ્યને વરેલા છો તેનો તકાદો છે કે જે વિસ્તારમાં તમે રહો છો ત્યાં જીવન વ્યવસ્થાને બદલવાની તેમજ સાચા રસ્તે લાવવાની કોશિશ કરો. એ વિસ્તાર ઉપર તમારો અને તે વિસ્તારનો તમારા ઉપર હક્ક છે અને આ હક્ક

ત્યારે જ અદા થઈ શકે કે જ્યારે તેના સામાજિક જીવનમાં જે જે બુરાઈઓ જોવા મળે છે તેમને દૂર કરવામાં તમે તમારી તમામ તાકાત લગાડી દો અને જે માર્ગદર્શન તમને અલ્લાહે બક્ષેલું છે તેનો ફાયદો સૌથી પહેલાં તેને પહોંચાડો.

ભારતમાં અત્યારે જે સ્થિતિ જોવા મળે છે તે દેખીતી રીતે આપણી દા'વતની દૃષ્ટિએ ઘણી જ નિરાશાજનક છે, અને હું જોઈ રહ્યો છું કે સૌની ઉપર એની હતાશ કરનારી અસર વર્તાઇ રહી છે. દેશની જુદી જુદી કોમો પોતપોતાનો સ્વાર્થ સાધવામાં પડેલી છે અને કોમવાદનું ઝનૂન હવે એટલી હદે વધી ગયું છે કે એમના હાથે એવાં એવાં કૃત્યો થઈ રહ્યાં છે કે પશુઓ સાથે જોડવામાં આવે તો તેઓ પણ તેમનું અપમાન ગણે. કોમવાદની લડાઈએ યુદ્ધની અને યુદ્ધે પાશવતા અને જંગલિયાતનું રૂપ ધારણ કરી લીધું છે. પહેલાં તો વાત એટલે સુધી જ મર્યાદિત હતી કે દરેક કોમ એકબીજા કરતાં મોટો દાવો અને પ્રતિદાવો રજૂ કરી રહી હતી અને એના માટે કડવી ભાષાની આપ-લે થઈ રહી હતી પરંતુ હવે વાત એટલી હદે પહોંચી છે કે આ જુદી જુદી કોમો એકબીજાનું અસ્તિત્વ જ મિટાવી દેવા માટે કાર્ય કરી રહી છે. તેમણે એમના માર્ગદર્શનનું કામ એવી નેતાગીરી તેમજ પત્રકારોને સોંપી દીધું છે કે જે તેમને દરરોજ સ્વાર્થી કોમવાદનું શરાબ ઘૃણા અને અદાવતનું ઝેર ભેળવીને પીવડાવે છે અને એમની વધી ગયેલી કોમવાદી ઇચ્છાઓની વકીલાત કરતાં તેઓ ન્યાય અને નીતિમત્તાની તમામ સીમાઓનું ઉલ્લંઘન કર્યે જાય છે. નૈતિક ખ્યાલો માટે એમના દિલોમાં હવે ખરેખર કોઈ ગુંજાશ રહી નથી. નૈતિકતાના તમામ ધોરણો કોમવાદને તાબે થઈ ગયાં છે. જે કંઈ કોમવાદી હિતો અને કોમવાદી ઇચ્છાઓને અનુરૂપ હોય, એ જ સૌથી મોટી નૈતિકતા છે, ભલેને પછી તે જુઠ્ઠાણું હોય, અપ્રમાણિકતા હોય, અન્યાય હોય, પાષાણ હૃદયતા અને દયાહીનતા હોય, અથવા તો બીજી કોઈ એવી વસ્તુ હોય જે દુનિયાની સ્વીકૃત નૈતિકતામાં હંમેશાથી બુરાઈ તરીકે ગણાતી આવી હોય આનાથી વિરુદ્ધ સત્ય, ન્યાય, પ્રામાણિકતા, દયા, સજ્જનતા, આ બધા જ 'અપરાધ' ગણવામાં આવે છે જો તેઓ કોમવાદી હિતોની વિરુદ્ધ જતાં હોય અથવા કોમી ઇચ્છાઓની પૂર્તિમાં આડે આવતાં હોય.

પરિસ્થિતિઓ

આવી પરિસ્થિતિમાં એક એવી દા'વત માટે કામ કરવાનું ઘણું મુશ્કેલ છે જે કોમી હેસિયતોની અવગણના કરીને માનવતાને સંબોધન કરતી હોય, જે કોમી

ઇચ્છાઓને બાજુએ રાખીને શુદ્ધ સત્યની તરફ બોલાવતી હોય, અને કોમી સ્વાર્થોને તોડીને સર્વવ્યાપી ન્યાયની સ્થાપના કરવા માગતી હોય. કોમી ઝનૂનના આ સમયમાં આવી દા'વતનો સાદ સાંભળવા માટે ન તો હિંદુ તૈયાર છે ન તો મુસલમાન. મુસલમાનો એમ કહે છે કે તમે આપણી કોમના માણસો છો, એટલા માટે તમારી ફરજ બનતી હતી કે કોમના ધ્વજ હેઠળ ઊભા થઈને કોમ માટેની લડાઈમાં ઝુકાવી દેત. આ તો તમે અલગ જૂથ રચીને ધર્મ અને નૈતિકતા તેમજ સત્યનું રટણ કરવા માંડ્યું. તમારા આ કસમયના અવાજના કારણે કોમની શક્તિ વેરવિખેર થઈ જાય છે અને કોમી હિતોને હાનિ પહોંચે છે. એટલા માટે અમે તમને કોમના દુશ્મન ગણીએ છીએ, ભલે પછી તમારી દા'વત એ જ ઇસ્લામ માટે હોય જેનું નામ લઈને અમે આ કોમી લડાઈ લડી રહ્યાં છીએ. બીજી તરફ હિંદુઓ પાસે જાઓ તો તેઓ એમ માની લે છે કે આ લોકોની વાત મનને સાચી તો લાગે છે પણ આ છાશને જરા ફુંકીને પીવી જોઈએ કેમ કે આ લોકો છે તો એ જ કોમના લોકો જેમની સાથે આપણી લડાઈ છે, કોને ખબર કે આ સૈદ્ધાંતિક દા'વત પણ મુસલમાન કોમવાદને આગળ વધારવા માટેની એક બીજી યુક્તિ હોય.

પરંતુ આ પરિસ્થિતિ ભલેને ગમે તેટલી હતાશ કરનારી તેમજ ધીરજની કસોટી કરનારી હોય, પણ તે કાયમી નથી. બલ્કે ટૂંક સમયમાં બદલાઈ જવાની છે. અત્યારે તમારા માટે સાચી કાર્યપદ્ધતિ આ જ છે કે ધીરજ અને શિષ્ટતાપૂર્વક ભલી રીતે તમારૂં કામ કરતાં રહો, ઝઘડા કરનારની સાથે ઝઘડો નહીં, મૂર્ખ લોકોના વિરોધી વલણ સામે ગુસ્સે ન થાઓ, જે લોકો હવે દોસ્ત અને દુશ્મનનો ભેદ સમજતા નથી અને જેઓ ઝનૂની આવેશમાં આવી જઈને હવે પોતાના જ ભલા-બુરા પ્રત્યેની અસમાનતા ગુમાવી બેઠા છે તેઓ જો અજ્ઞાનતાપૂર્વક વર્તે તો તમે ભલા અને સજ્જન માણસોની જેમ એમની સામેથી ખસી જાઓ અને એમના અતિરેકને ચુપચાપ સહન કરી લો. આની સાથોસાથ તમારે વધુને વધુ તર્કબદ્ધ રીતે તમારી દા'વત મુસ્લિમ તેમજ બિનમુસ્લિમ સમાજના એ તમામ લોકો સુધી પહોંચાડવી જોઈએ જેઓ તર્કસંગત વાત સાંભળવા તેમજ તેની ઉપર ખુલ્લા મનથી વિચારવા માટે તૈયાર હોય. આ પદ્ધતિ ઉપર જો તમે અમલ કરશો તો એક તરફ તમારી નૈતિક શ્રેષ્ઠતાની છાપ એમની ઉપર બેસી જશે તથા બીજી તરફ એ માનસિક વાતાવરણ અમુક અંશે ઊભું થશે જે ભાવિની પરિસ્થિતિમાં અસરકારક રીતે કામ કરવા માટે જરૂરી છે.

બદલાતું દશ્ય

જે ફેરફાર લાવવા તરફ હું ધ્યાન દોરી રહ્યો છું તે એ છે કે ટૂંક સમયમાં અંદર દેશનું વિભાજન થઈ જશે, હિંદુઓને એમની બહુમતીવાળા પ્રદેશો અને મુસલમાનોને એમની બહુમતીવાળા પ્રદેશો અલગ અલગ મળી જશે. બંને પોતપોતાના વિસ્તારોના સંપૂર્ણપણે શાસક બની જશે અને પોતપોતાની મરજી પ્રમાણે પોતાના રાજયનો વહીવટ ચલાવશે. આ મોટો ફેરફાર એ નકશાને સાવ બદલી નાંખશે જેની ઉપર અત્યાર સુધી પરિસ્થિતિ ચાલી આવી છે. આના કારણે હિંદુઓ અને મુસલમાનો તેમજ બીજી કોમોની સમસ્યાઓ તથા તેમના સ્વરૂપ તદ્દન બદલાઈ જશે. એમને તદ્દન નવી જ સ્થિતિનો સામનો કરવાનો આવશે. જે રીતે અત્યાર સુધી તેમણે તેમના કોમી વલણ અને તેમના આંદોલનો તથા સંગઠનોના માળખા જાળવી રાખ્યા છે તે મહદ્અંશે નિરર્થક અને નકામા થઈ જશે. બદલાયેલી પરિસ્થિતિમાં એ સૌને વિચારવું પડશે કે જે કંઈ અત્યાર સુધી તેઓ કરતા રહ્યાં છે તેણે તેમને ક્યાં લાવીને મુકી દીધા છે અને હવે આ નવીન યુગમાં એમના માટે શું રસ્તો છે? આજની બનેલી અને જામી ગએલી શ્રદ્ધાઓ તે વખતે તિલાંજલી પામશે. આજની વિચારધારાઓ અને ખયાલો માટે ત્યારે કોઈ સ્થાન નહીં હોય. આજના નારા ત્યારે ખોટા સિક્કા બની જશે, જેમને કોઈ મફતના ભાવમાં પણ લેશે નહીં. જે આધારો ઉપર આજની કોમી સંસ્થાઓ તથા સંગઠનો રચાયેલાં છે તે આપોઆપ તૂટી પડશે, આના કારણે આજની નેતાગીરીઓ એમના કુદરતી મોતે મરી જશે, એટલું જ નહીં પણ શક્ય છે કે જે લોકો આજે એમને પોતાના મસીહા માને છે તેઓ આવતી કાલે એમને પોતાની મુસીબતો અને દુઃખોનું મૂળ કારણ માનવા લાગે.

આવી રહેલા એ જમાનામાં હિંદુ ભારત અને મુસ્લિમ ભારતની હાલત એકબીજાથી તદ્દન વિભિન્ન હશે, અને કેમ કે આપણે બંને વિસ્તારોમાં કામગીરી કરવાની રહેશે એટલા માટે આપણે પણ આપણા આંદોલનને બે અલગ અલગ પદ્ધતિ ઉપર ચલાવવું પડશે, એટલું જ નહીં પણ શક્ય છે કે જમાઅતના વહીવટીતંત્રને પણ મહદ્અંશે બે વિભાગમાં વહેંચી દેવું પડે જેથી દરેક વિભાગ પોતપોતાના વિસ્તારની પરિસ્થિતિને અનુરૂપ નીતિ પ્રમાણે પોતે ચાલી શકે અને એ માટેની જરૂરી વ્યવસ્થા જાતે કરી શકે. જ્યાં સુધી મુસ્લિમ પ્રદેશનો સંબંધ છે એની ઉપર હું અત્રે કોઈ ચર્ચા નહીં કરૂં, કેમ કે આના માટે અનુકૂળ સ્થળ ઉત્તર-

પશ્ચિમના રાજ્યોનો ઇજતેમા છે જે ટૂંક સમયમાં યોજાવાનો છે. તમારી સામે મારે માત્ર હિંદુ ભારતના ભવિષ્ય અંગે વાત કરવી છે કે અહીં મુસલમાનો અને હિંદુઓને ભવિષ્યમાં કઈ પરિસ્થિતિનો સામનો કરવાનો છે અને એ પરિસ્થિતિમાં તમારે કેવી રીતે કામગીરી બજાવવી પડશે.

મહત્ત્વના મુદ્દાઓ

સૌ પ્રથમ મુસલમાનોનો મુદ્દો લઈએ. હિંદુ બહુમતીના પ્રદેશમાં મુસલમાનોને ટૂંક સમયમાં એવું લાગવા માંડશે કે જે કોમવાદ ઉપર તેમણે તેમની સામૂહિક વર્તણુંકનો પાયો મૂક્યો હતો તેણે તેમને મૃત્યુના જંગલમાં લાવીને છોડી દીધા છે અને એમની કોમી લડાઈ કે જેને બહુ જોરશોરથી અને સમજ્યા વિના તેઓ લડતા રહ્યા હતા, તે એક એવા પરિણામ સાથે પૂરી થઈ છે જેમાં તેમના માટે બરબાદી સિવાય કંઈ નથી. જે લોકશાહી સિદ્ધાંતો ઉપર છેલ્લા કેટલાક સમયથી ભારતની રાજકીય ઉત્ક્રાંતિ થઈ રહી હતી, અને જે જેમને મુસલમાનોએ પણ તેમની કોમી હેસિયતથી સ્વીકારીને પોતાની માંગણીઓની લાંબી યાદી બનાવી રાખી હતી, તેમને જોઈને એક જ નજરમાં ખબર પડી શકતી હતી કે એ સિદ્ધાંતો ઉપર રચાયેલી રાજ્ય વ્યવસ્થામાં જે કંઈ મળે છે તે બહુમતીને મળે છે, લઘુમતીને જો કશુંક મળે પણ છે તો તે દાનના રૂપમાં. તાબેદાર હોવાની હેસિયતથી મળે છે. આ એક ખુલ્લી હકીકત હતી પણ મુસલમાનોએ જાણીબુઝીને તેના તરફથી આંખો બંધ કરી અને એવી બેવડી મૂર્ખાઈ કરી કે એક તરફ તો રાજ્ય વ્યવસ્થા માટે પશ્ચિમના એ જ લોકશાહી સિદ્ધાંત રજૂ કર્યા કે જ્યાં અમે બહુમતી ધરાવીએ છીએ ત્યાં અમે શાસકો અને તમે પ્રજા તથા જ્યાં તમે બહુમતીમાં છો ત્યાં તમે શાસક અને અમે તાબામાં રહીશું. કેટલાય વરસના કડવા અને લોહિયાળ સંઘર્ષ બાદ હવે આ બેવડી મૂર્ખાઈ "સફળતા"ના તબક્કે પહોંચી ગઈ છે અને જે વસ્તુ માટે લઘુમતી ધરાવતા મુસલમાનો પોતે લડી રહ્યા હતાં તે પ્રાપ્ત થવામાં છે, અર્થાત્ બહુમતીનું સ્વતંત્ર અને સ્વાયત્ત રાજ્ય, જેમાં તે એક કોમની હેસિયતથી એક કોમના તાબે હશે, અને તાબે પણ એ બહુમતીના, જેની સાથે તેઓ કોમી લડાઈ લડી રહ્યાં છે.

જે રાજ્ય હવે મુસ્લિમ લઘુમતીના પ્રદેશોમાં રચાઈ રહ્યું છે તે હિંદુઓનું કોમી રાજ્ય હશે. કોમ અને લોકશાહીની જે વિચારધારાઓને મુસલમાનો તથા

હિંદુઓએ સમાન માનીને પોતાના કોમી આંદોલનોની મૂડી બનાવી ચૂક્યાં છે એ આધારો ઉપર કોઈ કોમી રાજ્ય પોતાની અંદર એવી બીજી કોઈ કોમના અસ્તિત્વને સાંખી લેતું નથી જે શાસક કોમથી અલગ પોતાની અલગ કોમી હેસિયતનો દાવો કરતી હોય અને પછી આ કોમી હેસિયતના દાવાની સાથે પોતાની ખાસ પ્રકારની કોમી માગણીઓ પણ ધરાવતું હોય. આ વસ્તુ ત્યાં સુધી જ ચાલી શકે તેમ હતી જ્યાં સુધી દેશ ખરેખર પરદેશી કોમના હાથમાં હતો અને હિંદુ-મુસલમાન બંને તેના શાસન હેઠળ હતાં. આવું તો માત્ર ત્યારે બની શકે તેમ હતું જ્યારે લઘુમતી પણ બહુમતીની જેમ પોતાનો અલગ કોમી હેસિયતનો દાવો કરે અને ઓછાવત્તા પ્રમાણમાં પોતાના અલગ અધિકારો મનાવડાવી લે. પણ જ્યારે લોકશાહી સિદ્ધાંત પ્રમાણે દેશના લોકોનું સ્વતંત્ર રાજ્ય સ્થપાઈ જશે ત્યારે હિંદુ ભારતનું બહુમતી કોમી રાજ્ય બની જશે અને તેમાં કોઈ લઘુમતીને અલગ કોમી હેસિયત તથા ખાસ કોમી માગણીઓ માટે કોઈ ગુંજાશ નહીં હોય. કોમી રાજ્ય આવી કોઈ કોમી હેસિયતને સ્વીકારીને તેની માગણીઓ ક્યારેય પૂરી કરતું નથી. બલ્કે તે પહેલાં તો એવા પ્રયાસ કરે છે કે તેને મિટાવીને પોતાની અંદર સમાવી દે છે, પછી જો તે એવી કટ્ટર લાગે કે ભળી ન શકે તો તેને દબાવી દેવા માગે છે કે જેથી અલગ કોમી અસ્તિત્વ તથા તેના આધારે અલગ કોમી માગણીઓ માટે અવાજ જ ઊઠવા ન પામે. અને છેવટે જો તે કોમ દબાણ તળે પણ બુમરાણ મચાવ્યા કરે તો પછી કોમી રાજ્ય તેનો વિનાશ કરવા માટેના પ્રયાસ કરવાનું શરૂ કરી દે છે. આવું જ કંઈ હિંદુઓના કોમી રાજ્યમાં મુસલમાન લઘુમતી સાથે થવાનું છે. તેની સામે પણ ખરેખર આ જ ત્રણ રસ્તા સૂચવવામાં આવશે.

કાં તો પોતાની અલગ કોમી હેસિયતનો દાવો તથા તેના આધારે અલગ અધિકારોની માગણી પડતી મુકી દઈને રાજ્યની કોમમાં ભળી જાય,

અથવા જો તે આના માટે તૈયાર ન હોય તો બધા જ પ્રકારના અધિકારોથી વંચિત કરીને શુદ્રો અને અછૂત જેવી હાલતમાં રાખવામાં આવે.

અથવા તો તેનું શોષણ કરીને જડમૂળથી ઉખાડી નાંખવાની કાર્યવાહી ચાલુ કરી દેવામાં આવે, ત્યાં સુધી કે કોમી રાષ્ટ્રની સીમાઓમાં તેનું નામનિશાન ન રહે.

આ નિશ્ચિત પરિણામ છે પશ્ચિમી ઢબની એક લોકશાહી વ્યવસ્થામાં કોમ આધારિત રાજકીય નીતિની ઈમારત બનાવવાનું. દેખતી આંખો આ પરિણામને એ જ વખતે જોઈ શકતી હતી જ્યારે આ નીતિ અપનાવવામાં આવી રહી હતી

અને પરિણામ હજૂ ઘણું દૂર હતું. પણ એ વખતે જોવાની ના પાડી દેવામાં આવી અને દેખાડવાનો પ્રયાસ કરનારાઓને દુશ્મન ગણવામાં આવ્યાં. હવે આ પરિણામ સાવ સામે આવી ગયું છે અને અફસોસની વાત છે કે એને જોવું જ નહીં પણ ભોગવવું પણ પડશે.

મુસ્લિમોની સ્થિતિ

મુસલમાનોની રાજકીય નેતાગીરી માટે જે જૂથો અત્યારે આગળ આગળ દેખાય છે તેમાંથી એક 'રાષ્ટ્રવાદી' મુસલમાનોનું જૂથ છે જે આગામી સમયમાં એ ભાગ ભજવશે જે અંગ્રેજી કાળમાં ખાનબહાદુર વર્ગ અદા કરી ચૂક્યો છે. આ જૂથ મુસલમાનોને કહેશે કે પહેલા રસ્તાને રાજીખુશીથી સ્વીકારી લો, અર્થાત્ તમારા અલગ કોમી અસ્તિત્વનો દાવો અને અધિકારોની માગણી કરવાનું છોડી દો તથા સીધી રીતે કોમી અસ્તિત્વમાં ભળી જાઓ. આ જૂથની વાત આજ સુધી તો ચાલી નથી પણ મને ડર છે કે આગળ ઘણી ચાલશે કેમ કે આગામી દિવસોમાં એમની જ મદદથી નોકરીઓ, કોન્ટ્રેક્ટ્સ અને શૈક્ષણિક સંસ્થાઓને સહાય વિગેરે મળશે અને આ જ વર્ગ રાજ્યકર્તા કોમ તથા તાબેદાર કોમ વચ્ચે સાંકળનું રૂપ ધારણ કરશે. એમના પ્રયાસો મુસલમાનોની એક મોટી સંખ્યાને એટલે સુધી નીચે લાવવામાં સફળ થઈ જશે કે તેઓ ખુદ મહાશય અને એમની પુત્રીઓ અને પત્નીઓ શ્રીમતીઓ બંને તથા પહેરવેશ બોલચાલની રીત, વિચારો, એમ દરેક વસ્તુઓમાં રાજકર્તા કોમ સાથે એવી રીતે રંગાઈ જશે કે

"આના પછી કોઈ કહી નહીં શકે કે હું બીજો છું અને તું બીજો"

જે કોમની એક મોટી સંખ્યા આના પહેલાં મિસ્ટર અને મિસ બની ચૂકી છે તેના માટે હવે આ નવો ફેરફાર શા માટે અશક્ય બનશે, ખાસ કરીને જ્યારે ભવિષ્યમાં રોટી, સમદ્ધિ અને પ્રગતિનો આધાર આની જ ઉપર હશે. પણ મને આશા નથી કે મુસલમાનો એક કોમની હેસિયતથી આવી રીતે હથિયાર હેઠા મૂકી દેવા માટે રાજી થઈ જાય. કોમી હેસિયતથી એમનો પ્રયત્ન એવો જ હશે કે આ ભેળવવાની પ્રક્રિયાનો મુકાબલો કરે.

પ્રતિકાર કરવા માટે તેઓ શરૂઆતમાં આ જ જૂથ તરફ વળશે જે અત્યારે રાજકીય મેદાનમાં એમની આગેવાની કરી રહ્યું છે. પરંતુ અનુભવ ખૂબ જલ્દી મુસલમાનોને બતાવી દેશે કે હવે તેઓ એ જૂથની રાજનીતિ ઉપર ચાલીને સીધા

જ બરબાદીના ખાડા તરફ જશે. બહુમતીના કોમ આધારિત લોકશાહી રાજ્યમાં રહીને જો લઘુમતી કોમી લડાઈ લડશે તો ચારેબાજુથી કચડી નાંખવામાં આવશે. જીવનના દરેક ક્ષેત્રમાંથી કાઢી મૂકવામાં આવશે, દરેક પ્રકારના અધિકારોથી વંચિત રાખવામાં આવશે, અછૂતોના કરતાં પણ બદતર હાલતમાં ધકેલી દેવામાં આવશે. અને આમ છતાં પણ જો તેનો અવાજ ઊઠતો રહ્યો તો તેને એવી રીતે ખતમ કરી દેવામાં આવશે કે તેના માટે આંસુ સારનાર પણ કોઈ નહીં હોય.

ત્રિભેટે

એવું કહેવામાં આવે છે કે લઘુમતી મુસલમાનોને આ પરિણામથી બચાવવા માટે ત્રણ રસ્તા છે :

એક, પાકિસ્તાન સરકાર ભારત સરકાર સાથે સોદો કરશે, એટલે કે તે એમ કહેશે કે પાકિસ્તાન હિંદુ લઘુમતી સાથે અમે એ જ વર્તન કરીશું જે તમે ભારતની મુસ્લિમ લઘુમતી સાથે કરશો. અને આવી રીતે મુસલમાનોને એ જ બંધારણીય અધિકારો મળી જશે જે હિંદુઓ પાકિસ્તાનમાં હિંદુઓ માટે માગશે. પણ શરૂઆતમાં દરખાસ્ત ભલેને સારી દેખાય પરંતુ મને ખાત્રી છે, અને અનુભવ દેખાડી દેશે, કે આગળ જતાં આ તદ્દન નિષ્ફળ જશે. આપણને ચોખ્ખું દેખાય છે કે ભારત અને પાકિસ્તાન બંને પશ્ચિમી ઢબની રાજ્ય વ્યવસ્થા ઉપર ચાલી રહ્યા હશે. આ ઢબની રાજનીતિના જે પરિણામ પશ્ચિમમાં આવેલાં છે એ અહીં પણ આવશે જ. લઘુમતીની અલગ કોમી હેસિયત તથા કોમી અધિકારો તેમજ માગણીઓને ન તો મુસલમાનોનું કોમી રાજ્ય લાંબા સમય સુધી સહન કરી શકશે ન તો હિંદુઓનું કોમી રાજ્ય. ખાસ કરીને જ્યારે આ બંને લઘુમતીઓ પોતપોતાની કોમની વિદેશી સરકાર પાસે મદદ માટે હાથ લાંબો કરશે અને પોતાના દેશની સરકારને બદલે વિદેશી સરકાર સાથે વફાદારી દિલચસ્પી અને પ્રેમના ગીત ગાવા માંડશે ત્યારે એમનું અસ્તિત્વ ભારત તેમજ પાકિસ્તાન એમ બંને માટે અસહ્ય બની જશે. શરૂઆતમાં ગમે તેટલા સંતોષકારક બંધારણીય હક્કો બંનેએ એકબીજાની લઘુમતીઓને આપ્યાં હોય પણ ધીમે ધીમે એમને ખતમ કરી દેવામાં આવશે. રોજબરોજના વર્તનમાં લઘુમતીઓનો વિનાશ કરનારી પોલીસી ચાલવા માંડશે; બંને સરકારો પોતપોતાની કોમી લઘુમતીઓ માટે એકબીજા ઉપર દબાણ લાવવાનો પ્રયાસ કરશે અને છેવટે કાં તો યુદ્ધ સુધી વાત જશે જેના પરિણામ વિષે

કોઈ આગાહી કરી શકાય તેમ નથી - અથવા તો બંનેને એના માટે રાજી થવું પડશે કે એક સરકાર હિંદુઓ સાથે અને બીજી સરકાર મુસલમાનો સાથે જેવું ઇચ્છે તેવું વર્તન કરે.

બીજી રક્ષણની રીત એવી બતાવવામાં આવે છે કે સંયુક્ત રાષ્ટ્રસંઘ (UNO)ની વ્યવસ્થાની આ બાબતમાં મદદ લેવામાં આવશે. પરંતુ જે લોકો આ સંગઠનના સ્વભાવને થોડો પણ પિછાણે છે તેઓ આસાનીથી કલ્પી શકે છે કે સંરક્ષણની આ પદ્ધતિના જોરે કોઈપણ પ્રજા ક્યાં સુધી જીવી શકે. પહેલાં તો સંયુક્ત રાષ્ટ્રસંઘનો આશરો એવી જ બાબત માટે લઈ શકાય કે જેમાં કોઈ ઘણા મોટા અને જુલ્મી કૃત્યનું આચરણ કરવામાં આવ્યું હોય. રોજબરોજની નાની નાની બાબતો, ભલેને ભેગી કરવાથી મોટો અત્યાચાર બની જતી હોય, આ વ્યવસ્થાતંત્રમાં અપીલને લાયક ઠરતી નથી, આવી જ રીતે આવી બહારથી નિર્દોષ જણાતી નીતિઓને ત્યાં ચર્ચામાં પણ લાવી શકાતી નથી જે પશ્ચિમના માપદંડ પ્રમાણે બિલ્કુલ વાજબી હોય છે પણ આપણી દૃષ્ટિએ મુસલમાનોનાં કોમી અને ધાર્મિક જીવનને સાવ નષ્ટ કરી દેનારી છે. આ ઉપરાંત, આ વ્યવસ્થાતંત્રે અત્યાર સુધી એવું તો સાબિત કર્યું નથી કે એકદમ નિષ્પક્ષ રહીને ન્યાય તોળવા માટે તૈયાર છે. તેના સભ્યો ફકત એટલું જ જોતાં નથી કે ઉપસ્થિત કરવામાં આવેલ બાબત પોતે કેવી છે અને ન્યાયનો તકાદો શું છે, પણ તેઓ એ પણ જુએ છે કે ફરિયાદ જે રાજ્ય સામે કરવામાં આવી છે તેની સાથેના એમના પોતાના સરકારોના સંબંધો કેવાં છે તેમજ આને ઠપકો આપવાનું તેમની સરકારોની રાજનીતિને અનુરૂપ હશે કે પ્રતિકૂળ. આ દૃષ્ટિએ કોણ કહી શકે તેમ છે કે ભવિષ્યમાં સંયુક્ત રાષ્ટ્રસંઘની વ્યવસ્થાની અંદર ભારત-પાકિસ્તાનની હેસિયત કેવી હશે અને કોની વાત ત્યાં વધુ વજનદાર ગણાશે.

ત્રીજો રસ્તો હિજરત અને વસ્તીનો ફેરબદલીનો બતાવવામાં આવે છે. હિજરતનો અર્થ એવો છે કે મુસલમાન જાતે ભારત છોડી છોડીને પાકિસ્તાનમાં જઈને વસવા માંડે, અને વસ્તીના હેરફેરનો અર્થ એવો છે કે બંને સરકારો પરસ્પર ઠરાવ કરીને એક સુનિયોજિત યોજના હેઠળ પોતપોતાની કોમની વસ્તીને પોતાના વિસ્તારોમાં તબદીલ કરી લે. આમાંથી પહેલો રસ્તો અમલ કરવા યોગ્ય છે પણ તે ભારતના મુસ્લિમોની સમસ્યાને ઉકેલી શકશે નહીં કેમકે એવી સ્થિતિમાં ક્યારેક માત્ર સુખી વર્ગના લોકો અથવા ઘણા જ નિરાશ એવા કુટુંબના લોકો કે પછી

થોડાક ચંચળવૃત્તિવાળા લોકો જ ભાગ્ય અજમાવવા માટે આવું કરી શકશે. મુસલમાનોની મોટી આબાદી તો આજે જ્યાં આબાદ છે ત્યાં જ વસવાટ ચાલુ રાખશે અને તે મોટા પાયે અને સ્વેચ્છાએ હિજરત કરે એ શક્ય નહીં હોય, સિવાય કે અલ્લાહ ન કરે ને એવી પરિસ્થિતિ ઊભી થઈ જાય જેવી બિહાર વિગેરેમાં ઊભી થઈ છે. જ્યારે બીજો રસ્તો તો એવો છે કે મને આશા નથી કે આગામી પાંચ વર્ષ સુધી ભારત અને પાકિસ્તાનની સરકારો સાડા ચાર કરોડ મુસલમાનો અને અઢી-ત્રણ કરોડ બિનમુસ્લિમોને અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં તબદીલ કરવાની વ્યવસ્થા ગોઠવી શકે, ભલેને તેઓ દિલથી એવું કરવા માંગતા હોય, આમ છતાં પણ જો કોઈ એવી ઉમ્મીદના સહારે જીવવા માગતો હોય તો ભલે જીવે!

આ છે એ ઉપાયોની હકીકત જેના આધારે એવી અપેક્ષા સેવવામાં આવી રહી છે કે કોમવાદી રાજકારણ જે રીતે અંગ્રેજ શાસન કાળમાં ચાલતું રહ્યું એવી જ રીતે ભારતનું કોમી રાજ્ય બની ગયા પછી પણ ચાલી શકશે. આજે મુસલમાનો એમના અજ્ઞાન અને ટૂંકી દૃષ્ટિના કારણે આ હકીકતને સમજતા નથી, પણ એ વખત નજીક જ છે જ્યારે આ સચ્ચાઈઓ જાતે જ એમને એમની સમજમાં ઉતારી દેશે અને ત્યારે નાછૂટકે એમને ત્રણમાંથી એક માર્ગ પસંદ કરવો પડશે.

એક : રાષ્ટ્રવાદી મુસલમાનોની નીતિ કબૂલ કરીને હિંદુ કોમમાં ભળી જવા માટે તૈયાર થઈ જાય.

બે : મુસ્લિમ કોમવાદના આજના માર્ગ ઉપર આજની જેમ ચાલતા રહે અને છેવટે ખતમ થઈ જાય.

ત્રણ : કોમવાદ તથા તેની રીતરસમો અને તેના દાવાઓ તથા માગણીઓ ત્યજી દઈ ઈસ્લામનું માર્ગદર્શન સ્વીકારી લે. જેનો તકાદો એટલો છે કે મુસલમાનો એમના કોમી હિતો માટે દોડાદોડી કરવાને બદલે એમના તમામ પ્રયત્નો ફકત ઈસ્લામની સૈદ્ધાંતિક દા'વત ઉપર કેન્દ્રિત કરે અને એક કોમની હેસિયતથી તેમની નીતિમત્તા, કાર્યો અને સામાજિક જીવનમાં તેનો દાખલો બેસાડે જેના પરિણામે દુનિયા વિશ્વાસ કરી શકે કે હકીકતમાં આ તો એ કોમ છે જે પોતાની જાત માટે નહીં પણ માત્ર દુનિયાની સુધારણા માટે જીવતી કોમ છે અને વાસ્તવમાં જે સિદ્ધાંતો તે રજૂ કરે છે તે માનવજીવનને વ્યક્તિગત તેમજ સામાજિક રીતે અત્યંત ઉચ્ચ, સ્વચ્છ અને સુધરેલુ બનાવનારા છે.

એકમાત્ર માર્ગ

આ છેલ્લો માર્ગ મુસલમાનો માટે પહેલાં પણ મુક્તિમાર્ગ હતો અને હજુ પણ આમાં જ તેમના માટે મુક્તિ છે. હું કેટલાય વર્ષથી એમને આની તરફ બોલાવી રહ્યો છું. જો આ કોમવાદી રાજકારણ અપનાવવાને બદલે આ માર્ગ અપનાવ્યો હોત, અને જે રીતે છેલ્લા દશ વર્ષમાં તેમણે પોતાની તમામ કોમી તાકાતને આની પાછળ લગાડી છે એ જ રીતે જો આ માર્ગમાં લગાડી હોત તો આજે ભારતના રાજકારણનો નકશો એકદમ બદલાઈ ગયેલો હોત અને બે નાના નાના પાકિસ્તાનોની જગ્યાએ સમસ્ત ભારત પાકિસ્તાન બની જવાની શક્યતાઓ એમની આંખો સામે હોત! પણ ત્યારે તેમને મારી દા'વત દુશ્મનની દા'વત અથવા એક દીવાના મિત્રની દા'વત લાગી. હવે ઘટનાઓ એમને ઘેરી લઈને લાચાર મુસલમાનોના સ્થાન ઉપર ખુદ ખેંચી લાવી છે. હવે એમના માટે જીવનનો એક જ માર્ગ બાકી રહ્યો છે અને તે ઇસ્લામનો અસલ અને સાચો અને શુદ્ધ માર્ગ છે. બીજા માર્ગો જીવનના નહીં પણ આત્મઘાત અથવા મૃત્યુદંડ અથવા કુદરતી મૃત્યુના માર્ગો છે.

નવો યુગ

આ સમય કે જેના આગમનની હું આગાહી કરી રહ્યો છું હવે એકદમ નજીક આવી ગયો છે. ભારતના રાજકારણનો પ્રવર્તમાન જમાનો જેવો પૂરો થયો અને નવો જમાનો શરૂ થયો કે બસ લઘુમતીના વિસ્તારોમાં મુસલમાનોને તેમની સાચી અફસસોસજનક હાલતની ખબર પડશે. એક મોટી ચળવળના પડી ભાગવાનો સમય હશે જે ખિલાફત ચળવળના તૂટી પડવા કરતાં અનેક ગણો ખતરનાક હશે. ખિલાફત ચળવળની નિષ્ફળતાએ મુસલમાનોમાં જે સ્થગિતતા અને વ્યગ્રતા પેદા કર્યા હતાં તે જો કે ખૂબ જ નુકસાનકારક હતાં પણ ઘાતક ન હતાં. હવે જો ક્યાંક એ હાલત ફરીથી છવાઈ જશે તો એકદમ ઘાતક પુરવાર થશે. પોતાના આજના આગેવાનો તરફથી નિરાશ થઈને કોઈ સાચું માર્ગદર્શન અને કોઈ આશાનું કિરણ જો મુસલમાનોને મળશે નહીં તો એમની અંદર ગભરાટ અને અરાજકતા ફાટી નિકળશે. કોઈ રાષ્ટ્રવાદી મુસલમાનો તરફ દોડશે, તો કોઈ સામ્યવાદી જૂથ ભણી દોટ લગાવશે, કોઈ હિજરતની તૈયારી કરશે તો વળી કોઈ નિરાશ બનીને હાથપગ જોડીને બેસી જશે, કોઈ કંટાળીને કે પછી મૂર્ખાઈભરી રીતે છંછેડાઈને હારેલી કોમી લડાઈને ફરીથી જીવિત કરીને ફક્ત પોતાની ઉપર

જ નહીં બલ્કે તેના હજારો લાખો નિર્દોષ બંધુઓ ઉપર પણ વિનાશકારી તોફાન ખેંચી લાવશે. આ નાજૂક સમય માટે અત્યારથી એક એવા સંગઠિત જૂથે તૈયાર રહેવું જોઈએ જે ભાનમાં આવનાર મુસલમાનો સમક્ષ તરત જ સાચી કાર્યપદ્ધતિ રજૂ કરી શકે, એમની વિખેરાઈ રહેલી શક્તિઓને ખોટા કાર્યો અને અધકચરા કામોથી બચાવીને એક ઉજ્જવળ લક્ષ્યાંકના આસપાસ એકત્ર કરી શકે, અને એમને નિરાશા પછી સાચી સફળતાની ખુશખબરી આપી શકે. હું દુઆ કરૂં છું કે તમારું આ જ જૂથ આ કાર્ય પૂરૂં કરવા માટે પ્રેરણા પામે અને એ સમયના આગમન પહેલાં એટલું બળવાન, સંગઠિત અને તૈયાર બની જાય કે આ કામગીરી બજાવી શકે.

હવે મારી ઇચ્છા છે કે તમે જરા હિંદુ ભારતની બહુમતીના ભવિષ્યની પણ સમીક્ષા કરો. હું તમને ઘણીવાર કહેતો આવ્યો છું કે ઇસ્લામી ક્રાંતિ લાવવા માટે જેટલી શક્યતા બહુમતી મુસ્લિમ પ્રદેશમાં છે લગભગ તેટલી જ શક્યતા બિનમુસ્લિમ બહુમતીના પ્રદેશોમાં પણ છે. મારી આ વાતને ઘણા લોકો એક કલ્પનામાં ડૂબેલી વ્યક્તિનું સ્વપ્ન માને છે, અને અમુક લોકો એમ સમજે છે કે કદાચ આ તસવ્વુફનું કોઈ રહસ્યબિંદુ છે. જે આપણી સમજથી પર છે. કેમકે એમને સાફ સાફ દેખાઈ રહ્યું છે કે બિનમુસ્લિમ બહુમતી મુસલમાનોના મુકાબલે એક મજબૂત, સંગઠિત અને વ્યવસ્થિત દિવાલ છે જેમાં ક્યાંય કોઈ તિરાડ કે બાકોરૂં નથી કે જેનાથી તેના તૂટવાની શક્યતા હોય, તેની ઉપર કોમવાદનો નશો બરાબર છવાયેલો છે, હિંદુ ઇન્ડિયાનું સંપૂર્ણ સરકારી તંત્ર ખૂબ મજબૂતાઈપૂર્વક તેના હાથમાં આવી ગયું છે અને જે થોડીઘણી કસર બાકી રહી છે તે ટૂંક સમયમાં જ પૂરી થઈ જવાની છે. આવી સ્થિતિને જોઈને એમને સમજાતું નથી કે આવામાં ઇસ્લામી ક્રાંતિનો માર્ગ ક્યાંકથી નીકળી આવશે. પણ હું કહું છું કે આ મજબૂત દિવાલ જે તમારી સામે દેખાઈ રહી છે, અને દેખીતી રીતે નક્કર પણ લાગે છે, તેની બનાવટને જરા સમજી લેવાનો પ્રયત્ન કરો કે તે કયા તત્ત્વોનું મિશ્રણ છે અને એમનું જોડાણ કયા પ્રકારનું છે.

બિન-મુસ્લિમોનું લક્ષ્ય

ભારતના એ કરોડો બિનમુસ્લિમોને જે વસ્તુએ એક અને સંગઠિત કર્યા છે તે કોઈ અલગ જીવનપદ્ધતિ, કોઈ મજબૂત જીવનદર્શન અને કોઈ સભાનતાપૂર્વક પસંદ કરેલું લક્ષ્ય નથી કે તેમનું ડગવું અને બદલાઈ જવું મુશ્કેલ બને, બલ્કે તે

ફકત એક કોમવાદની લાગણી છે જે એક તરફ વિદેશી સત્તાની સામે અને બીજી તરફ મુસ્લિમ કોમવાદના મુકાબલે ભડકાવવામાં આવી હતી. કોમવાદની સ્વભાવિક ખાસિયત છે કે તે ફકત કોઈ વિરોધ અને શક્તિના જ સામે જન્મતું હોય છે, તેની તીવ્રતા વિરોધથી જ ભડકે છે અને જ્યાં સુધી એ શક્તિ સામે મોજૂદ હોય ત્યાં સુધી જ બાકી રહે છે. વિરોધ જેવો ખતમ થયો અને જેવો કોમવાદનો હેતુ સિદ્ધ થયો, ત્યાં જ આ લાગણી આપોઆપ દબાઈ જાય છે, આંતરિક જીવનની અન્ય વધારે મહત્ત્વની સમસ્યાઓ લોકોના ધ્યાન પોતાની તરફ ખેંચી લે છે અને એ તત્ત્વો કે જે માત્ર કોમવાદની લાગણી વડે પરસ્પર જોડાયેલા હતા, તેઓ વિખરાવવા લાગે છે. હિંદુ કોમવાદની બાબતમાં પણ આવું જ કંઈ છે. તે જે બે પગ ઉપર ઊભું હતું એમાંથી એક - એટલે કે અંગ્રેજી સત્તામાંથી મુક્તિ મેળવવાની લાગણી - ટૂંક સમયમાં જ તૂટી પડવાનો છે. એના પછી ફકત બીજો પગ બાકી રહી જાય છે એટલે કે મુસ્લિમ કોમવાદના મુકાબલાની લાગણી. તો પાકિસ્તાનની રચના થઈ ગયા પછી તેનું ટકવું પણ મુશ્કેલ છે, શરત એટલી જ છે કે હિંદુ પ્રદેશની મુસલમાન લઘુમતી, તેની સમસ્યાના ઉકેલ માટે કોઈ એવો રસ્તો શોધી કાઢે જેનાથી ભારત અને પાકિસ્તાન વચ્ચે તનાવ અને ઝઘડાના કારણો ઊભા ન થાય, તેમજ ભારતની અંદર મુસ્લિમ કોમવાદના દાવાઓ અને માગણીઓને દબાવવા માટે હિંદુ કોમવાદને ભડકી ઉઠવા માટે કોઈ તક ન રહે. આટલું ડહાપણ જો અલ્લાહ મુસલમાનોને આપી દે તો તમે જોશો કે રાષ્ટ્રવાદી નેતાઓ તથા કોમી ધાર્મિક પૂર્વગ્રહોના પ્રચારકો બનાવટી ભય અને ઉપજાવી કાઢેલા ખતરા રજૂ કરી કરીને આજના કોમવાદને જીવતું રાખવા માટે તેમજ ભડકાવવા માટે ગમે તેટલા પ્રયાસ કરશે તો પણ તે છેવટે તો મૃત્યુ જ પામશે અને એ અલગ અલગ અને વિરોધી તત્ત્વો કે જેના મિલનથી આ કોમવાદી દિવાલ બની છે તે વિખરાઈ જશે. કારણ કે આ દિવાલની અંદર જ તેના ઘટક તત્ત્વો વચ્ચે જે સાંસ્કૃતિક અને સામાજિક અન્યાયો, જે આર્થિક જુલ્મો, જે સ્વાર્થ અને લાભોની ખેંચતાણ અને જે વર્ગીય નફરતો મોજૂદ છે તે બાહ્ય ભયના દૂર થતાં જ પોતાને બળવાન મહેસૂસ કરાવશે અને દેશનો ભાવિ વહીવટ, હક્કોની વહેંચણી, અધિકારોની વહેંચણી તેમજ સામાજિક વ્યવસ્થાની રચનાના પ્રશ્નો અનિવાર્યપણે એકબીજાને પરસ્પર વિભાજીત કરી નાંખશે. આ વિભાજન માટે એવા કોમી અને કુદરતી કારણો અસ્તિત્વમાં છે કે જેમને બહાર આવતાં કોઈ તાકત રોકી શકે તેમ નથી.

ભારતની આજની સમાજ વ્યવસ્થા લગભગ એવી રીતે રચાયેલી છે કે તેની અંદર અસંખ્ય વર્ગો-જ્ઞાતિઓ છે જેમાંના અમુક બીજાઓ ઉપર ચઢી બેઠેલા છે જ્યારે અમુક એમનાથી દબાયેલા છે. આ વર્ગો વચ્ચે જન્મજાત શ્રેષ્ઠતા અને નીચાપણા તેમજ અટલ ભેદભાવનો ખ્યાલ ઊંડાં મૂળિયાં સાથે જામેલો છે અને તેને પુનર્જન્મની ફિલસૂફી વડે વધુ મજબૂત બનાવી દેવામાં આવ્યો છે. નીચલા વર્ગો માટે એવો વિશ્વાસ બેસાડી દેવામાં આવ્યો છે કે તેમને નીચે રહેવા માટે જ પેદા કરવામાં આવ્યાં છે અને આ એમના પૂર્વજન્મના કર્મોનું અનિવાર્ય પરિણામ છે જેને તેમણે કોઈપણ સંજોગોમાં ભોગવવું જ પડશે, અને જેને બદલવાની કોઈપણ કોશિશ વ્યર્થ છે. અને ઉચ્ચ વર્ગના લોકો માટે એવો વિશ્વાસ પેદા કરવામાં આવ્યો છે કે તેઓ જન્મ્યા જ છે ઉચ્ચતર રહેવા માટે, ઉચ્ચતા એમનો અધિકાર છે તેમજ એમના ગત જન્મના કર્મોનું પરિણામ છે અને આને બદલવાનો પ્રયાસ કુદરતના કાનૂનની વિરુદ્ધ છે. આવી સામાજિક વ્યવસ્થામાં દરેક ઉપલો વર્ગ નીચલા વર્ગના માથા ઉપર પગ મૂકીને ઊભો છે અને તેને કચડી રહ્યો છે. સમાજજીવનના દરેક પાસામાં ઊંચ-નીચનો ભેદભાવ છે. ડગલે ને પગલે અસંખ્ય અન્યાયો છે. સભ્યતાના દરેક ક્ષેત્રમાં ભેદભાવભર્યું વર્તન કરવામાં આવે છે, પછી તે ખાવાપીવાની બાબત હોય કે રહેણીકરણી અને લગ્નની બાબત. પાછું આ ભેદભાવ ફકત વિભાજન પૂરતું જ નથી બલ્કે હલકા ગણવાનું અને અપમાનનું તત્ત્વ પણ આમાં સામેલ છે. વાત એટલી હદે પહોંચી ગઈ છે કે ઊંચા વર્ગના લોકો એટલી વાત પણ સહન કરવા તૈયાર નથી કે નીચલા વર્ગના પુરુષો અને સ્ત્રીઓ એમના જેવા વસ્ત્રો અને ઘરેણાં પહેરે. તાજેતરમાં જ રાજપૂતાનાના ગુર્જરો અને જાટો વચ્ચે આ વાતને લઈને ઝઘડો ઊભો થઈ ગયો હતો કે ચમાર વગેરે નીચલા વર્ગના લોકોએ - જેઓ યુદ્ધના કારણે સમૃદ્ધ બની ગયાં છે અને થોડાક વિદેશની હવા પણ ખાઈ આવ્યાં છે - પોતાની સ્ત્રીઓને એમની સ્ત્રીઓ જેવાં વસ્ત્રો અને ઘરેણાં પહેરાવવા માંડ્યા છે. જ્યારે જાટ અને ગુર્જર પોતે પણ તેમની સાથે રાજપૂતો દ્વારા આવા જ વર્તનની કડવાશ અનુભવે છે. આમ છતાં પણ તેમણે આ વાતને તેમનું અપમાન ગણી લીધી કે ચમાર ઊંચા ઉઠીને સમાજમાં એમના સમકક્ષ બને. એટલા માટે ભેગા મળીને એમની જ્ઞાતિએ બળ વાપરવા માંડ્યું કે જેથી આ ગરીબોને બળજબરીપૂર્વક એ જ નીચલી કક્ષામાં ફેંકી દે જેમાંથી તેઓ ઊઠવા માગે છે.

સમાજવાદી વ્યવસ્થા

આર્થિક વ્યવસ્થા પણ ઘણે ભાગે આ જ સામાજિક વ્યવસ્થાની રચના પ્રમાણે જ રચાયેલી છે અને તેના પુરાણા અત્યાચારી પાસાઓ ઉપર આધુનિક મૂડીવાદના ગુણોનો વધારે થઈ ગયો છે. જે વર્ગો જુની સામાજિક વિચારસરણીઓ અને અપ્રાકૃતિક ફિલસૂફીઓની મદદ વડે ઉપરના પગથીયાં ઉપર બેસી ગયાં છે. તેઓ આટલેથી જ અટકયાં નથી કે દેશના સાંસ્કૃતિક જીવનમાં શ્રેષ્ઠતાને એમના માટે અનામત રાખી લે બલ્કે આની સાથે તેઓ દેશની સંપત્તિ અને તેના સાધનો ઉપર પણ કબ્જો જમાવી બેઠાં છે. અને નીચેના પગથીયાં ઉપર રહેનારી આમ જનતા માટે તેમણે જીવન જીવવા માટે આના સિવાય કોઈ માર્ગ બાકી રાખ્યો નથી કે તેઓ અપમાનજનક સ્થિતિમાં રહીને એમની સેવા અને મજૂરી કરે. આ આર્થિક વ્યવસ્થામાં વંચિત રહેલા અને શ્રમિક જીવન જીવતા વર્ગોની સાથે જે અન્યાયો અને જુલ્મો થતાં જોવા મળે છે તેમની ગણત્રી કરવી મુશ્કેલ છે. એટલું જ નહીં ઉચ્ચ વર્ગોએ એમના પોતાના વર્તુળોમાં પણ જુલ્મ અને અત્યાચારની ઘણી એવી રીતો અપનાવી રાખી છે જેના કારણે ઓછા લોકો ખુશહાલ છે જ્યારે વધારે લોકો બદહાલ. એમની વ્યાજવૃત્તિ, સંયુક્ત કુટુંબ વ્યવસ્થા (Joint Family System), કુટુંબના મોટા દીકરાને ઉત્તરાધિકારી ઠરાવવાનો રિવાજ (Law of Primogeniture), અને એવી ઘણી રીતો છે જે સંપત્તિ અને તેના સાધનોને એકઠા કરીને થોડાક લોકોના હાથમાં આપી દે છે અને મોટાભાગનાને વંચિત અને મોહતાજ બનાવી દે છે. આ જ રીતો વડે જે હાથોમાં સંપત્તિ સંગ્રહ પામી છે તે આજે આધુનિક મૂડીવાદનું રૂપ લઈને દેશના ઉદ્યોગો, વેપાર અને નાણાંવ્યવસ્થા ઉપર છવાયેલી છે અને છવાતી જઈ રહી છે.

હવે જે રાજ્યવ્યવસ્થા ઘડવામાં આવી રહી છે તે લખતી વખતે કાગળ ઉપર તો નિઃશંકપણે લોકશાહી, સામાજિક ન્યાય (Social Justice), સમાનતા અને સમાન તકોના મોટા મોટા શુદ્ધ વિચારો સ્વચ્છ અને લોભામણી ભાષામાં લખાઈ રહ્યાં છે પરંતુ દેખીતું છે કે આ શબ્દોનું અસલી મૂલ્ય એમના ઉચ્ચારણમાં નથી બલ્કે એમની ઉપર ખરેખર અમલ કરવામાં છે. વ્યવહારમાં આપણે જે કંઈ જોઈ રહ્યાં છીએ તેમાં તો આ રાજ્યવ્યવસ્થાનો નકશો તૈયાર કરવામાં, ઘડવામાં તેમજ અમલમાં મૂકવાની કામગીરી ઉપર એ જ વર્ગોનું વર્ચસ્વ દેખાય છે જે લોકો સામાજિક અને આર્થિક વ્યવસ્થાતંત્રના ઉપરના પગથીયાં ઉપર બિરાજેલાં છે, ના

ના, બલ્કે જન્મ્યાં છે! અને અનુભવે આપણને બતાવી દીધું છે કે આ વર્ગોને ખુદાએ બધું જ આપ્યું છે પણ મોટું દિલ, વિશાળ દૃષ્ટિ અને મોટી હિમ્મત આપી નથી. એમના દિલની સંકૂચિતતા અત્યાર સુધી ભારતને ઘણી હાનિ પહોંચાડી ચૂકી છે અને ભવિષ્યમાં પણ આને જોતાં ભાગ્યે જ એવી અપેક્ષા રાખી શકાય તેમ છે કે આ લોકો એમની રાજકીય શક્તિને સાચા ન્યાયની સ્થાપના કરવા માટે વાપરશે.

આ પરિસ્થિતિ પોતાનામાં અંદર એટલી બધી કડવાશો ધરાવે છે કે તેમને હવે દેશની સામાન્ય જનતા તીવ્રપણે અનુભવવા લાગી છે. અત્યાર સુધી કોમવાદના નશાએ આ લાગણીને લગભગ દબાવી રાખી હતી અને લોકો એવી આશા સાથે જીવી રહ્યા હતા કે દેશનો વહીવટ જયારે એમના હાથમાં આવી જશે ત્યારે આ અન્યાયો ખતમ થઈ જશે. હવે વહીવટના અધિકારો જ્યારે ખરેખર દેશવાસીઓને તબદીલ કરી દેવામાં આવશે ત્યારે તો આ સવાલ વધુ લાંબા સમય સુધી ટાળી શકાશે નહીં કે આ અધિકારોને ભવિષ્યમાં કઈ રીતે વાપરવામાં આવે કે જેથી દેશમાં સાચી રીતે ન્યાયની સ્થાપના થાય. ભારતના ભાવિની લગામ અત્યારે જે લોકોના હાથમાં આવી રહી છે તેઓ હિંદુ સંસ્કૃતિની ભૂતકાળની પરંપરાઓની સાથે પશ્ચિમી યુરોપ અને અમેરિકાની જીવનપદ્ધતિને જોડતાં દેખાઈ રહ્યાં છે. મારો આ અંદાજ જો સાચો હોય તો આવી રીતે તેઓ એક પ્રદર્શનરૂપી લોકશાહી, એક દેખાવની સમાનતા અને એક આંખોને છેતરતા ન્યાયની સ્થાપના કરવામાં તો ચોક્કસ સફળ થઈ જશે પરંતુ આના થર નીચે પહેલાનીજેમ જ એ જ અન્યાયો, એ જ અસમાનતાઓ અને એ જ વિભાજનો ચાલુ રહેશે જે અત્યારે જોવા મળે છે, કેમ કે ભેદભાવ હિંદુ સંસ્કૃતિની નસેનસમાં મોજૂદ છે જેની હાજરીમાં કોઈપણ સાચી લોકશાહીની સ્થાપના થવી અશક્ય છે, અને આની સાથે પશ્ચિમી વિચારસરણીને સાંકળવાથી બીજું કંઈ પ્રાપ્ત થાય એની અપેક્ષઆ રાખી શકાય તેમ નથી સિવાય કે ઉચ્ચ વર્ગની શ્રેષ્ઠતા અને મૂડીવાદને ચૂંટણીઓ અને મતો વડે કાયદેસરતાની સનદ મળી જશે. એટલા જ માટે આ વાત લગભગ ચોક્કસ દેખાય છે કે આ લોકો ખૂબ જ જલ્દી ભારતની સામાન્ય જનતાને નિરાશ કરી દેશે, એમના હાથે ન્યાય સ્થપાશે નહીં અને વધુ સમય નહીં જાય કે ભારતીય જનતા, કિસાનો, મજૂરો અને ખુદ ઉચ્ચ વર્ગના વંચિત રહી ગયેલા લોકો બીજી કોઈ ન્યાય આપતી વ્યવસ્થાની અપેક્ષામાં બેચેન થવા માંડશે.

સામ્યવાદી જૂથ આ જ સ્થિતિનો લાભ ઉઠાવવા માટે તૈયારી કરી રહ્યું છે. અત્યારનો કોમવાદ તેનો હેતુ સિદ્ધ કર્યા બાદ જેવો નબળું પડશે કે તરત જ તે આ જ વર્ગીય અવકાશ અને આ જ હિતોની લડાઈની તિરાડોમાં પોતાનો માર્ગ શોધવા પ્રયત્ન કરશે અને આમ જનતાને ન્યાયની આશાઓ અપાવીને રાજકીય સત્તા મેળવવા પ્રયાસ કરશે. પરંતુ આ જૂથની પાસે એ અન્યાયોને ખતમ કરવા માટે કોઈ એવો કાર્યક્રમ નથી જે પોતે જુલ્મ, અન્યાય રક્તપાત અને ઝઘડાથી તેમજ બળજબરીથી મુક્ત હોય. તે ભારતની હાલની કોમી નફરત અને તનાવની જગ્યાએ વર્ગીય નફરત અને તનાવની ભેટ આપશે. અત્યાર સુધી જેવી રીતે હિંદુ મુસલમાનના ઝઘડાના કારણે લોકો એકબીજાના માથાં ફોડતા આવ્યા છે અને ઘરો સળગાવતા આવ્યા છે તેવી જ રીતે હવે રોટીના ઝઘડાને લઈને એ જ લોકો ખૂનામરકી કરવા લાગશે. એક વર્ગ બીજા વર્ગ સામે એ જ નફરત અને ક્રોધ સાથે ભડકી ઉઠશે જેવી રીતે એક કોમ બીજી કોમ સામે ભડકી ઉઠેલી છે. કોમવાદ અને જાતિવાદની જગા વર્ગીય હિતોના સ્વાર્થ લઈ લેશે અને દિલો ન્યાયની સાચી ભાવનાથી જેવી રીતે આજે કોમી લડાઈના જમાનામાં ખાલી છે તેવી જ રીતે એ વખતે વર્ગીય યુદ્ધના જમાનામાં પણ ખાલી હશે. સત્તાધારી વર્ગ વંચિત વર્ગોને વંચિત રાખવા માટે લડશે, અને વંચિત વર્ગો એમની જગ્યા લઈને સામેથી એમને વંચિત કરી દેવા માટે જાનની બાજી લગાવશે. આમ ભારત એક લાંબા સમય સુધી શાંતિની સ્થિતિ માટે તરસતું રહેશે, અને છેવટે ખુદા ન કરે ને સામ્યવાદી ક્રાંતિ સફળ નીવડી તો હજુ વધુ લાંબા સમય સુધી અહીં રશિયાની જેમ ઉચ્ચ વર્ગને એમની જમીનો, સંપત્તિ અને કારખાનાઓમાંથી દૂર કરવા માટે ભારે રક્તપાત અને જોરજુલ્મની સ્થિતિ ઊભી થશે. ત્યારબાદ સામ્યવાદી વ્યવસ્થાની સ્થાપના થઈ જતાં એવી જ સરમુખ્યારશાહી અહીં પણ સ્થપાઈ જશે જેવી રશિયામાં છે. આવી રીતે દેશની તમામ આબાદીને એક અત્યાચારી અને Totalitarian (શ્રમિકોની સરમુખત્યારશાહી) સત્તાના પંજામાં જકડી દેવામાં આવશે. આવી જ રીતે લોકોની વાણી, કલમ અને વિચારસરણીની આઝાદી છીનવી લેવામાં આવશે, એવી જ રીતે બધા લોકોની રોજી અમુક લોકોના હાથમાં આવી જશે અને - લોકોને એટલી પણ આઝાદી નહીં હોય કે એ વ્યવસ્થાની સખતાઈઓથી નારાજ થઈ જરા પણ અવાજ ઊંચો કરી લે, અથવા સ્થિતિને બદલવા માટે કોઈ રાજકીય સંગઠન બનાવવાનો કોઈ સામૂહિક પ્રયાસ કરી શકે. અને આ બધા કરતાં પણ મોટું નુકસાન

જે આ સામ્યવાદી ક્રાંતિના કારણે ભારતને થશે તેનાથી તો પાછલા સૈકાઓની પડતી છતાં પણ જે થોડા આંધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો ભારતની સંસ્કૃતિમાં બાકી બચ્યાં છે તે પણ ખતમ થઈ જશે અને આ દેશ સાવ ભૌતિકવાદી દેશ બની જશે.

આ પરિણામથી જો કોઈ વસ્તુ ભારતને બચાવી શકે તેવી હોય તો તે એ જ છે કે એક જૂથ એવી વિચાર વ્યવસ્થાને લઈને ઉઠે જેમાં ઉચ્ચકક્ષાના, સાચા આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યો પણ હોય, સચ્ચાઈ અને નિષ્પક્ષ સામાજિક ન્યાય પણ હોય, સાચી લોકશાહી-માત્ર રાજકીય જ નહીં બલ્કે સાંસ્કૃતિક અને સામાજિક લોકશાહી (Social Democracy) પણ હોય, અને દોશના તમામ નાગરિકો માટે વર્ગ અને વર્ણના ભેદભાવ વિના વ્યક્તિગત અને સામાજિક હેસિયતથી પ્રગતિની સમાન તકો પણ હોય. જે એક જ અથવા તો અમુક જ વર્ગોના હિતને નહીં પણ બધા જ લોકોના હિતને સમાન હમદર્દી અને ન્યાયની દૃષ્ટિએ જુએ, એકની તરફદાર અને બીજાની શત્રુ ન હોય, વર્ગો અને જૂથોને એકબીજાની સામે ઉશ્કેરવાની અને લડાવવાની જગ્યાએ ન્યાય ઉપર આધારિત જીવનવ્યવસ્થા ઉપર એમને સંગઠિત કરે, વંચિત વર્ગોને એ બધું જ અપાવડાવે જે એમનો કુદરતી હક્ક કરતાં વધારાનું છે. આવી એક વ્યવસ્થાને જો દેશના લોકોની સામે રજૂ કરવામાં આવે અને તેના રજૂકર્તા એવા લોકો હોય જેમના ચારિત્ર્ય અને નીતિમત્તા ઉપર ભરોસો કરી શકાય, જેઓ પોતે કોઈપણ પ્રકારના કોમી, વર્ગીય કે અંગત સ્વાર્થ ધરાવતા ન હોય, જેમના પોતાના જીવન સાક્ષી પૂરતા હોય કે હકીકતમાં એમની પાસેથી જ ન્યાયની આશા રાખી શકાય તેમ છે, અને જેમની અંદર પ્રામાણિકતા અને દુનિયાનું તંત્ર ચલાવવાની લાયકાત બંને સાથે હોય, આવું હોય તો પછી કોઈ કારણ એવું નથી કે ભારતના નાગરિકો આ વ્યવસ્થાતંત્રની સરખામણીમાં સામ્યવાદી ક્રાંતિના માર્ગને પસંદગી આપે. સામ્યવાદી ક્રાંતિ તો એક શસ્ત્રક્રિયા છે જે રોગની સાથે તંદુરસ્ત શરીરના એક મોટા ભાગને પણ કાપીને ફેંકી દે છે, અને વ્યક્તિ આને માત્ર એવી મજબૂરીની હાલતમાં જ સહન કરતી હોય છે જ્યારે દવાથી રોગનો ઇલાજ થવાની કોઈ આશઆ બાકી ન રહે. જગતમાં જ્યાં પણ કોઈ દેશના લોકોએ શસ્ત્રક્રિયાની આ પદ્ધતિ અપનાવી છે તે એટલા માટે જ અપનાવી છે કે એમની સામે અત્યાચારી મૂડીવાદ અને સામ્યવાદની વચ્ચે ત્રીજો કોઈ રસ્તો હતો જ નહીં જેમાં તેઓ આ બંનેની બુરાઈઓથી બચીને ન્યાય મેળવવાની આશા રાખી શકતા. જો આ પ્રકારનો ત્રીજો માર્ગ રજૂ કરી દેવામાં

આવે, જેમ કે રજૂ કરવાની જરૂર છે - તો ન તો ભારતના લોકો જ એવા ગાંડા છે, ન તો દુનિયાના બીજા દેશોની આબાદીને જ એટલી ગાંડી ગણી લેવાનું કોઈ કારણ છે કે તેઓ એક સફળ નીવડનાર દવાને આજમાવવાને બદલે બિનજરૂરી રીતે શસ્ત્રક્રિયાનો જ આગ્રહ રાખશે.

ચાર મહત્ત્વના કામો

હવે પ્રશ્ન એ છે કે શું મુસલમાનો આ ત્રીજો માર્ગ રજૂ કરી શકે તેમ છે કે નહીં? જો રજૂ કરી શકે તેમ છે અને એ ત્રીજા માર્ગનું નામ ઇસ્લામ જ છે તો હું ખાત્રીપૂર્વક કહી શકું તેમ છું કે ભવિષ્યના ભારતમાં સામ્યવાદના મુકાબલે ઇસ્લામની સફળતાની ઓછામાં ઓછી ૬૦ ટકા શક્યતાઓ છે. આ તો મુસલમાનોની ભારે કમનસીબી તથા લાયકાતનો મોટો અભાવ છે કે એમની પાસે ઇસ્લામ જેવી સંપૂર્ણ અને સાચી વ્યવસ્થા હોય અને તેઓ એને લઈને ઊઠવાને બદલે સંપૂર્ણ મેદાન સામ્યવાદ માટે ખુલ્લું મૂકી દે.

હું તમને સંક્ષિપ્તમાં જણાવીશ કે ભારતમાં ઇસ્લામી ક્રાંતિનો માર્ગ કઇ રીતે મોકળો થઇ શકે તેમ છે અને તેના માટે આપણે શું કરવું જોઇએ ?

(૧) કોમી ઘર્ષણનો અંત

સૌથી પહેલું કામ એ છે કે આ બે કોમો વચ્ચેના સંઘર્ષને, જે હિંદુ અને મુસલમાનો વચ્ચે અત્યાર સુધી ચાલુ રહ્યો છે, તેને દૂર કરવામાં આવે. મારા મતે એ વાત પહેલાં પણ ખોટી હતી કે મુસલમાનો ઇસ્લામ માટે કામ કરવાને બદલે પોતાના કોમી હિતો અને માગણીઓ માટે લડતા રહે. હવે તો આ લડતને ચાલુ રાખવી કેવળ ભૂલ નહિં, પરંતુ વિનાશક ભૂલ અને મૂર્ખાઈભરી આત્મહત્યા છે. હવે એ અત્યંત જરૂરી છે કે મુસલમાનો પોતાના વર્તનને બદલી નાખે. સંસદ અને ધારાસભાઓમાં પ્રતિનિધિત્વના પ્રમાણનો પ્રશ્ન, ચૂંટણીઓની દોડધામ, નોકરીઓ માટેનો સંઘર્ષ, અને બીજા કોમી અધિકારો અને માંગણીઓ માટેનો શોરબકોર આવનારા દિવસોમાં વ્યર્થ હશે અને નુકસાનકારક પણ. વ્યર્થ એટલા માટે કે હવે જે લોકોના હાથમાં હિંદુસ્તાનની સત્તા આવી રહી છે, તેઓ સંયુક્ત ચૂંટણીઓ અને નોકરીઓમાં માત્ર 'યોગ્યતા'નું ધોરણ નિર્ધારીત કરીને મુસલમાનોના આગવા રાજકીય અસ્તિત્વને ખતમ કરવાનો નિર્ણય કરી ચૂક્યા છે અને તેમના નિર્ણયને

અમલમાં મૂકતાં કોઈપણ રીતે રોકી શકાશે નહીં. નુકસાનકારક એટલા માટે કે અધિકારો મેળવવા માટે જેટલાં પણ પ્રયત્નો મુસલમાનો કરશે, તે હિંદુઓના કોમી પૂર્વગ્રહને વધુ ભડકાવશે, અને જો તેઓ પોતાની ફરિયાદો દૂર કરાવવા માટે પાકિસ્તાનની મદદ મેળવવા પ્રયત્ન કરશે, તો તે આંતરરાષ્ટ્રીય ગૂંચવણ અને ઘર્ષણનું કારણ બનશે, જેને લઈને હિંદુ કોમવાદ વધુ પ્રબળ બનશે. તેથી વ્યાપક રીતે મુસલમાનોમાં એવો સામૂહિક મત વિકસિત કરવો પડશે કે તેઓ એક કોમી હેસિયતથી સરકાર અને તેના તંત્રથી વિમુખ થઈ જાય અને હિંદુ કોમવાદને પોતાના વર્તનથી એ વિશ્વાસ અપાવી દે કે મેદાનમાં બીજા કોઇ રાજકીય કોમવાદનું અસ્તિત્વ નથી, જે તેના સામે સંઘર્ષમાં ઉતરે. આ જ એક માત્ર રીત છે આ અસામાન્ય પૂર્વગ્રહને સમાપ્ત કરવાનો, જે અત્યારે બિનમુસ્લિમ બહુમતિના માનસમાં ઇસ્લામની વિરુદ્ધ પેદા થઇ ગયો છે; અને આ જ રીતે બિનમુસ્લિમોની એ આશંકાને પણ દૂર કરી શકાય છે કે જો ઇસ્લામને પ્રચાર-પ્રસારની વધુ તકો આપવામાં આવશે, તો ફરી કોઈ પ્રદેશના મુસલમાનો વધુ એક પાકિસ્તાનની માંગણી માટે ઊભા ન થઇ જાય.

(૨) મુસ્લિમ સમાજની સુધારણા

બીજું મહત્વનું કામ એ છે કે મુસલમાનોમાં મોટા પાયે ઇસ્લામી જ્ઞાનનો પ્રસાર કરવામાં આવે, તેમનામાં ઇસ્લામ તરફ આમંત્રણ અને તેના સંદેશને પહોંચાડવાની ભાવના પ્રચલિત કરી દેવામાં આવે અને તેમનાં નૈતિક અને સાંસ્કૃતિક અને સામાજિક જીવનની એટલે અંશે સુધારણા કરી દેવામાં આવે કે જેથી તેમના બિનમુસ્લિમ પાડોશીઓને પણ પોતાના સમાજની તુલનામાં તેમના સમાજને વાસ્તવમાં વધારે સારો માનવા લાગે, અને તેમનામાંથી જે લોકો પણ આ સમાજમાં સામેલ થવા તૈયાર થાય, ભલે તેઓ ગમે તે વર્ગના હોય, તેમને બરાબરની હેસિયતે પોતાનામાં સમાવી લઈ શકાય. આ કાર્ય વર્ષોની અથાગ અને અવિરત મહેનત માગે છે; પરંતુ જ્યાં સુધી આપણે મુસ્લિમ સમાજના એક મોટા ભાગને જ્ઞાન, ચરિત્ર અને સામાજિક રીતે ઇસ્લામના સાચા પ્રતિનિધિ ન બનાવી લઇએ, ત્યાં સુધી એ આશા રાખવી નિરર્થક છે કે હિંદુસ્તાનના સામાન્ય બિનમુસ્લિમોના મતને ઇસ્લામના માટે સાનુકૂળ કરી શકાશે. બિનમુસ્લિમો સામે તમે કાગળ પર કે પ્રવચનોમાં ઇસ્લામને ગમે તેટલી સુંદરતાથી અને હૃદયંગમ રીતે પ્રસ્તુત કરો,

છેવટે તે તેમને અપીલ નહીં કરી શકે; કેમ કે ઇસ્લામના અસલી પ્રતિનિધિઓનો જે અનુભવ તેમને રાત-દિવસ થઇ રહ્યો છે, તે તમારા નિવેદનને સાચું નથી ઠેરવતા. આ સ્થિતિમાં તેમનામાંથી જો કોઇ એવો સત્યપ્રેમી નીકળી પણ આવે, જે મુસલમાનોના બદલે કેવળ ઇસ્લામને જોઇને તેનો સ્વીકાર કરી લે તો વર્તમાન મુસ્લિમ સમાજમાં તેનો સમાવેશ થઈ જવો મુશ્કેલ હોય છે; એટલા માટે કે અહિં હજુ સુધી પ્રાચીન હિંદુ અજ્ઞાનતા-કાળના પૂર્વજોથી ચાલ્યા આવતાં પૂર્વગ્રહો, ઊંચનીચના ભેદભાવો, જાતિ-જ્ઞાતિના અંતર વગેરે ઇસ્લામમાં આવી જવા છતાં યથાવત છે અને એને લઈને એક નવમુસ્લિમને પછી આ જ સામાજિક દૂષણોનો સામનો કરવો પડે છે, જેને છોડીને તે હિંદુ સમાજમાંથી નીકળ્યો હતો. તેથી મુસલમાનોની, બધાની નહિં, તો ઓછામાં ઓછી તેમની સરેરાશ હિસ્સાની નૈતિક, સાંસ્કૃતિક અને સામાજિક જીવનની સુધારણા વગર ઇસ્લામી આમંત્રણનું કાર્ય આગળ ધપી શકતું નથી અને એ સંભવ નથી કે માત્ર નવમુસ્લિમોથી એક સમાજ બનાવી શકીએ. આ સુધારણામાં કંઇક હદે પણ, જો આપણે સફળ થઇ જઈએ અને તેના સાથે મુસલમાનોમાં ઇસ્લામની મૂળભૂત જાણકારી પણ પેદા કરી દઇએ અને તેમનામાં એ ભાવના પણ ઉભારી દઇએ કે રાત-દિવસના જીવનમાં તેમને દરેક જગ્યાએ બિનમુસ્લિમોથી જે સંપર્કો થાય છે, તેમાં તેઓ તક મળતાં ઇસ્લામ પ્રસ્તુત કરતા રહે, તો ઇસ્લામના આમંત્રણના કાર્યમાં એટલી ગતિ આવી શકે છે કે ભારતમાં બીજું કોઇ આંદોલન ઇસ્લામનો મુકાબલો કરી શકતું નથી. અહીં (૧૯૪૭માં) મુસલમાનોની સંખ્યા ચાર કરોડ જેટલી છે. આ સંખ્યાનો ૨૦મો ભાગ પણ જો ઇસ્લામથી વાકેફ હોય અને તેનો પ્રચાર શરૂ કરી દે, તો ઇસ્લામના પ્રચારકોની સંખ્યા એક લાખ જેટલી થઇ જશે. શું કોઇ બીજું સંગઠન એવું છે, જેના પાસે આટલા પ્રચારકો હોય? તદુપરાંત, મુસલમાનો હિંદુસ્તાનની વસ્તીમાં ખીચડીની જેમ બિનમુસ્લિમો સાથે હળી-ભળી ગયા છે અને જીવનના દરેક વિભાગમાં દરેક જગ્યાએ દરેક સમય પોતાના વિચારો પહોંચાડવા અને પોતાના વર્તનનો પ્રભાવ નાખવા માટેની તક મળે છે. શું કોઈ બીજા સંગઠનને આવી તક પ્રાપ્ત છે? ઉપરાંત, બીજા કોઇ સમુદાયનો પોતાનો કોઇ સ્થાયી સમાજ અને પોતાની કોઇ સાંસ્કૃતિક વ્યવસ્થા નથી. તેમની છત્રછાયામાં ભારતમાં વસતા અને કચડાયેલા વર્ગો પોતાની કેટલીક પેટની જરૂરિયાતો તો પૂરી કરી શકે છે, પણ પોતાના સામાજિક જીવનની મુશ્કેલીઓ અને ખરાબીઓ દૂર નથી કરી શકતા.

તેનાથી વિપરીત, મુસલમાનો પોતાનો એક સ્થાયી સમાજ રાખે છે, તેની જો આપણા ઉદ્દેશ્ય અનુસાર થોડીક પણ સુધારણા થઈ જાય, તો તે એ સૌ લોકો માટે આશ્રયસ્થાન બની શકે છે, જેમને સામાજિક જીવનમાં પછાત અને નિમ્ન બનાવીને રાખવામાં આવ્યા છે, કે પછી જેમને અજ્ઞાનતાપૂર્ણ સભ્યતા અને સામાજિક વ્યવસ્થાની બીજી ખરાબીઓએ પરેશાન કરી દીધા છે.

(૩) બૌદ્ધિક શક્તિની ભૂમિકા

ત્રીજું જરૂરી કાર્ય એ છે કે આપણે આ દેશની બૌદ્ધિક શક્તિનો વધુમાં વધુ ભાગ ઈસ્લામના સંદેશ માટે ઉપલબ્ધ કરીએ અને તેનાથી યોજનાબદ્ધ રીતે કામ લઈએ. ભારતીય મુસલમાનોનો શિક્ષિત વર્ગ પોતાના આ ઉદ્દેશ્યમાં નિષ્ફળ થઈ ચૂક્યો છે, જેનાથી તેણે આશાઓ બાંધી હતી. આ નિષ્ફળતાનું ભાન થતાં જ તેના પર નિરાશા છવાવાનું શરૂ થઈ જશે. તે સમયે તેમના સામે એક પ્રકાશિત લક્ષ્ય આશા અને ખુશખબરો સાથે આવે, તો તેઓ તેમનામાંથી મોટાભાગનું ધ્યાન પોતાના તરફ ખેંચશે. એ રીતે જેમ-જેમ આપણા સંદેશને આ શક્તિ પ્રાપ્ત થતી જાય, આપણે ઇચ્છીએ છીએ કે તેમને તે પરિણામદાયી કાર્યોમાં લગાવવામાં આવે, જે ઈસ્લામી ક્રાંતિને વધુમાં વધુ નજીક લાવે. જેમ કે, આપણે મુસલમાનોની પત્રકારત્વ વિશેના વર્તમાન વલણને સંપૂર્ણપણે બદલી નાખવા માગીએ છીએ. આપણી ઇચ્છા છે કે સારા લેખકો હવે અંગ્રેજી, ઉર્દૂ અને બીજી ભાષાઓમાં સમાચારપત્રો પ્રકાશિત કરે અને તેમાં અધિકારોની પોકારો, નોકરીઓમાં આરક્ષણના પ્રમાણ ઉપર શોરબકોર અને સરકારી ક્ષેત્રમાં હિંદુ-પક્ષપાત ઉપર રોક્કળના બદલે પ્રવર્તમાન વ્યવસ્થા ઉપર સૈદ્ધાંતિક ટીકા-ટિપ્પણી કરે, તેમની ત્રુટિઓના એક-એક પાસાને સ્પષ્ટ કરીને લોકોને બતાવે અને તેનાથી વધુ સારી એક જીવન-વ્યવસ્થા પ્રસ્તુત કરીને પ્રજામતને તેના માટે સાનુકૂળ કરે. એ જ રીતે આપણે ઇચ્છીએ છીએ કે આપણા નવયુવાનો વૈભવ અને સંપત્તિ પેદા કરતાં સાહિત્યકારનો વ્યવસાય છોડીને પોતાની સાહિત્યિક યોગ્યતાનો ઉપયોગ એક ઉચ્ચ પ્રકારના રચનાત્મક સાહિત્યનું સર્જન કરવામાં કરે, જે લોકોની ચેતનાને જગાવે અને મનમાં એક સુંદર અને સદાચારી વ્યવસ્થા માટે તડપ પેદા કરી દે. પછી જે લોકોને અલ્લાહે વધારે સારી બૌદ્ધિક શક્તિઓ આપી છે, તેમને અમે દુનિયાના વૈચારિક નેતૃત્વનો માર્ગ બતાવવા માંગીએ છીએ, અને તે એ છે કે આ

લોકો કુર્આનની મશાલ હાથમાં લઈને જ્ઞાનના દરેક વિભાગ અને જીવનની સમસ્યાઓના દરેક પાસાનું વિશ્લેષણ કરે અને સંશોધન અને મહેનતની સાથે ઈસ્લામી જીવન-વ્યવસ્થાનું આખું ચિત્ર દુનિયા સમક્ષ પ્રસ્તુત કરે, જેને જોઈને તમે સરળતાથી જાણી શકો કે જો દુનિયાનો પ્રબંધ આ વ્યવસ્થા અનુસાર હોય, તો તેની વિસ્તૃત રૂપરેખા શું હશે. આ ઉપરાંત, આ જ બૌદ્ધિક વર્ગમાંથી તે લોકો પણ મળી શકે છે, જેઓ નેતૃત્વના ગુણો ધરાવતા હોય. ઈસ્લામી સંદેશને એક જાહેર આંદોલન બનાવવા માટે જરૂરી છે કે આ લોકોને તેના નેતૃત્વનું પદ સંભાળવા તૈયાર કરવામાં આવે.

(૪) પ્રાદેશિક ભાષાઓ

ચોથું જરૂરી કામ એ છે કે આપણા તમામ કાર્યકરો અને તે બધા લોકો, જેઓ ભવિષ્યમાં આપણા આંદોલનથી પ્રભાવિત થાય, તેઓ ભારતની તે પ્રાદેશિક ભાષાઓ શીખે અને તેમાં લેખન અને વક્તૃત્વની યોગ્યતા પેદા કરે, જે ભવિષ્યમાં શિક્ષણ અને સાહિત્યની ભાષાઓ બનવાની છે. વધુમાં, એ વાતનો પણ નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરે કે આ ભાષાઓમાં જેટલું શક્ય હોય તેટલી ઝડપથી જરૂરી ઈસ્લામી સાહિત્યનો અનુવાદ કરી લેવામાં આવે. દક્ષિણ ભારત તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ અને મરાઠી; પશ્ચિમ ભારતમાં ગુજરાતી, પૂર્વ ભારતમાં બંગાળી અને શેષ ભારતમાં હિંદી હવે શિક્ષણની ભાષા હશે. એ જ પોત-પોતાના વિસ્તારમાં કચેરીની અને સરકારી ભાષાઓ પણ હશે અને તેમાં જ દેશનું સાહિત્ય પ્રસિદ્ધ થશે. જો મુસલમાનો પોતાના કોમી-પક્ષપાતના કારણે માત્ર ઉર્દૂ સુધી પોતાનાં લેખન અને વક્તૃત્વને સીમિત રાખશે, તો દેશના સામાન્ય લોકોથી અપરિચિત બનીને રહી જશે અને તેમના પાસે પોતાના કરોડો પાડોશીઓ અને સહજીવન ગુજારતા લોકોને સમવિચાર બનાવવાનું કોઈ માધ્યમ નહીં રહે. એમાં કોઈ સંદેહ નથી કે અમે એ જરૂર ઈચ્છીએ છીએ કે ઉર્દૂ ભાષા ન માત્ર સુરક્ષિત રહે, બલ્કે તેનો વિકાસ થાય, કેમ કે આપણો અત્યાર સુધીનો તમામ જ્ઞાન અને સંસ્કૃતિનો ખજાનો આ જ ભાષામાં છે. પરંતુ અમે ઈસ્લામના ભાવિને ઉર્દૂ ભાષા સાથે બાંધી દેવા તૈયાર નથી, જો ઉર્દૂ ભાષા દેશની સામાન્ય ભાષા ન બની શકે, અને સંજોગો પણ એ જ દર્શાવી રહ્યા છે કે તેને એ હેસિયત પ્રાપ્ત નહીં થાય, તો પછી જે ભાષાઓનું દેશમાં પ્રચલન હશે, આપણે તેમાં જ ઈસ્લામી સાહિત્ય ઉપલબ્ધ કરીશું અને તે

તમામનો ઈસ્લામના પ્રચાર-પ્રસારમાં ઉપયોગ કરીશું. આવું કરવું માત્ર બિનમુસ્લિમો માટે નહિં, બલ્કે સ્વંય મુસલમાનોની આગામી પેઢીને મુસલમાન બનાવી રાખવા માટે પણ જરૂરી છે; કેમ કે આગળ જઈને મુસ્લિમ બાળકો શાળાઓમાં શૈક્ષણિક ભાષા અને શાળાઓની બહાર સરકારી અને રાષ્ટ્રીય ભાષાથી એટલા પ્રભાવિત હશે કે ઉર્દૂથી તેમનો સંબંધ નામ માત્રનો રહી જશે અને જો આ ભાષાઓમાં પૂરતું ઈસ્લામી સાહિત્ય ન મળ્યું, તો તેઓ સંપૂર્ણપણે બહુમતિના રંગમાં રંગાતા જશે.

આશાસ્પદ દૃષ્ટિકોણ

આ ચાર કામો એવાં છે જેમની ઉપર આપણે આગામી પાંચ વરસોમાં આપણી પૂરેપૂરી તાકાત લગાવવાની છે. પછીના તબક્કાઓમાં ઈસ્લામી આંદોલનને આગળ વધારવા માટે જે કંઈ કરવું પડશે તેનો ઉલ્લેખ અત્યારે કરવો જરૂરી નથી. આનો જ્યારે સમય આવશે ત્યારે જરૂરત પ્રમાણે સૂચનાઓ આપી દેવામાં આવશે. પરંતુ આટલું બરાબર સમજી લેજો કે આગળના કોઈ કાર્યક્રમની નોબત ત્યાં સુધી આવી શકે નહીં જ્યાં સુધી આ ચાર કામો એક નોંધપાત્ર હદ સુધી પૂરાં ન થઈ જાય. એટલા માટે ભારતમાં આપણી જમાઅતના સભ્યો અને હમદર્દ કાર્યકરોએ તેમના તમામ સાધનો અને સંપૂર્ણ શક્તિ, તેમનું પૂરૂં ધ્યાન અને વિચાર આ આરંભિક કાર્યક્રમ પાછળ ખર્ચી નાખવાનાં છે. અત્યારે એવો સમય છે કે જો તમે તેની એક ક્ષણ પણ આળસમાં વેડફી નાંખશો તો અપરાધ કરશો. જે તોફાનની હું દશ વરસથી આગાહી કરતો આવ્યો છું તે આવી ગયું છે. હવે જો તમે તેને રોકવાની ચિંતા ન કરી તો એ બધા મુસલમાનોની સાથોસાથ તમને પણ લઈ ડૂબશે. જે પરિસ્થિતિ હવે આ દેશમાં ઊભી થવાની છે તે તમારી ધીરજની, તમારી હિમ્મતની, તમારી મક્કમતાની, તમારા ડહાપણની અને હોશિયારીની અને તમારી કાર્યશક્તિની સખત કસોટી કરશે. તમારી એક તરફ દજ્જાલનું સ્વર્ગ હશે જેમાં પ્રવેશના માટે અને ઉચ્ચ દરજ્જા ઉપર પહોંચવા માટે વ્યક્તિએ ફરજિયાતપણે એ શરત પૂરી કરવાની રહેશે કે તીવ્ર સૂંઘવાની શક્તિ ધરાવનાર માણસને પણ તેની અંદરથી ઈસ્લામપણાની અને ઈસ્લામી ઈજ્જતની સહેજ પણ ગંધ ન આવે. અને તેમે જોશો કે તમારી આસપાસ એવા ઘણાં મુસલમાનો હશે જે તેમના સાંસારિક મોક્ષ અને મુક્તિ ખાતર આ શરત પૂરી કરવા માટે તૈયાર થઈ જશે. તમારી બીજી

તરફ હથોડા અને દાંતરડાનો ઝંડો ઊંચો થશે અને તેની નીચે એક બીજી શદાદની જન્નતનું કાલ્પનિક ચિત્ર પ્રસ્તુત કરવામાં આવશે જેના ચાહકો પાસે એવી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવશે કે ખુદાપરસ્તી અને પ્રમાણિકતા અને નૈતિકતાને એમના દિલોમાંથી કાઢી નાંખો. તમે તમારી સગી આંખોએ એ પણ જોશો કે દુનિયાના ભૂખ્યા મુસલમાનોનો એક મોટો વર્ગ એમની તરફ દોડી રહ્યો હશે. આ બે જુદી જન્નતો વચ્ચે તમે તમારી જાતને એક એવી જગ્યાએ ઊભેલી જોશો કે જ્યાં ઈસ્લામ ઉપર મક્કમ રહેનારાઓ અને તેના માટે કામ કરનારાઓની પ્રગતિ અને સમૃદ્ધિ તો દૂર રહી પણ તેમને જીવનના ગુજરાન માટે વસ્તુઓ પણ માંડ માંડ મળી રહેશે. એમને ડગલેને પગલે હિમ્મત તોડી નાંખનારી પરિસ્થિતિનો સામનો કરવો પડશે. એમની ઈસ્લામી ઈજ્જત અને વ્યક્તિગત આબરૂ ઉપર કાયમ હુમલા થશે. ઈસ્લામના ચિહ્નોને તેઓ નાશ પામતા તો જોશે જ પણ એમને તોડી પાડવાની પ્રવૃત્તિ પણ ખુલ્લેઆમ જાહેરમાં થશે અને અશક્ય નથી કે મુસલમાનોના ખુદના હાથે જ થાય! આવી પરિસ્થિતિમાં એ જ લોકો ઈસ્લામી ક્રાંતિ માટે કામ કરી શકશે જેઓ અસાધારણ ધૈર્ય અને મક્કમતા, ખૂબ જ સક્રિયતા, અને ઉચ્ચ કક્ષાના ડહાપણ અને બુદ્ધિ ધરાવતા હોય. આ ત્રણ ગુણો જો તમે તમારી અંદર પેદા કરી દો તો હું તમને ખાત્રી આપું છું કે એ તોફાનને બીજે વાળી દેવામાં જરાય વધુ સમય નહીં લાગે. હવે તમારા દિલોના ભેદ અને સ્વભાવોના ફરકને દૂર કરીને શિશુ પાયેલી દિવાલ બની જશો તેથી તમારી સમગ્ર સંગઠિત શક્તિ તે આ કામમાં વપરાય. હવે તમારા ઈર્ષ્યાળુ મનને મારી નાંખો કેમકે આ કામ માટે તમને બહારથી સાધનો મળશે નહીં બલ્કે બધા જ સાધનો તમારે અંદરથી ઊભા કરવાં પડશે, હવે તમારી એ બધી પ્રવૃત્તિઓ અને રસની બાબતોને છોડી દો જેમાં તમારા સમય અને વિચારનો થોડો ભાગ આ કામ સિવાય વપરાતો હોય, અને નછૂટકે આર્થિક જરૂરિયાતો સિવાય તમારા સમયની એક એક ક્ષણ આ જ કામ માટે અનામત રાખો. તમારી નાનકડી જમાઅતને આગામી પાંચ વર્ષમાં - એવાં પાંચ વર્ષ કે જે ઈસ્લામ અને મુસલમાનો અને ખુદ તમારા માટે નિર્ણાયક છે - બહુ મોટું કામ કરવાનું છે, એટલું મોટું કે જે ડુંગર ફાડીને દૂધની નદી કાઢી લાવવા કરતા નાનું નથી. તમારે મુસલમાનોનો સામાન્ય મત અને એમના કોમી વલણની દિશા બદલવાની છે, તમારે સામાન્ય મુસલમાનોની ઈમાની, નૈતિક અને સાંસ્કૃતિક સુધારણા કરવાની છે, તમારે મુસલમાનોના બુદ્ધિજીવી વર્ગમાં પ્રવેશ કરવાનો છે

અને તેને માનસિક અને અમલી ગુંચવણમાંથી બચાવીને ઈસ્લામી ક્રાંતિના રસ્તે લગાડવાના છે. તમારે દેશના વિવિધ ભાગોની ભાષાઓમાં ઈસ્લામી સાહિત્યના પ્રકાશનની વ્યવસ્થા ગોઠવવાની છે અને આ તમામ કામો માત્ર અલ્લાહના ભરોસે અને તમારી જ શક્તિના સહારે કરવાના છે, ક્યાંયથી કોઈ મદદ મળવાની કે કોઈ હિમ્મત અપાવે તેની આંશા નથી. જો તમે કમર કસીને ઊભા નહીં થાવ અને કામમાં ગળાડૂબ થઈને તમારી સામૂહિક શક્તિનો ઉપયોગ નહીં કરો તો આ કામ કેવી રીતે થશે? અલ્લાહ સાથે જે કરાર કરીને તમે જમાઅતમાં દાખલ થયા છો એને યાદ કરો, તમારા ઈમાનની તાકાતને તાજી અને મજબૂત બનાવો, અને માત્ર અલ્લાહની મદદના ભરોસે કામ કરવા માટે આગળ વધો. મને આશા છે કે તમે તમારા રબને રાજી રાખવા માટે જો કામ કરશો તો તે પણ તમને એવા રસ્તેથી મદદ પહોંચાડશે કે જેની તરફ આજે તમારી કલ્પના પણ જઈ શકતી નથી. ●

ઉપરોક્ત ઐતિહાસિક પ્રવચન અને અમૂલ્ય માર્ગદર્શન જમાઅતે ઈસ્લામીના સંસ્થાપક મૌલાના અબુલ આ'લા મૌદૂદી રહ.એ ૨૬ એપ્રીલ, ૧૯૪૭ના રોજ મદ્રાસ ખાતે જમાઅતે ઈસ્લામીના વાર્ષિક આંતરરાજ્ય સંમેલનમાં ઉપસ્થિત કાર્યકરો સામે મૂક્યુ હતું.
